# फिनकेयर एसएफ़बी ने 99 प्रतिशत वृद्धि दर्ज की

अहमदाबाद रू बेहतर बुनियादी सिद्धांतों के साथ लगातार विकास के लिए तैयारए फ़िनकेयर स्मॉल फाइनेंस बैंक ने वित्त वर्ष 2019 के छह महीने में 42ण्3 करोड़ रुपये का प्रॉफिट आफ्टर टैक्स ;पीएटीद्ध दर्ज किया है। इस साल के दौरान बैंक के सकल लोन पोर्टफोलियो में 99 प्रतिशत की वृद्धि हुईए जो कि 30 सितंबरए 2018 को 2ए899 करोड़ रुपये रही। 30 सितंबरए 2018 तक इस बैंक ने 1ए455 करोड़ रुपये की जमा राशि भी अर्जित की हैंए जो वर्ष दर वर्ष 383 प्रतिशत की वृद्धि हैए इसमें खुदरा जमा राशि कुल जमा राशि का 34 प्रतिशत है।

बैंक ने नए परिसंपत्ति इस वर्गों में सफ़्लतापूर्वक विविधता प्राप्त की हैए जिनमें सुरक्षित लोन जैसे कि संपत्ति के आधार पर लोनए सोने के बदले लोन और संस्थागत वित्तपोषण वर्ष दर वर्ष के आधार पर 252 प्रतिशत बढ़ा है। सुरक्षित लोन अब सकल लोन पोर्टफोलियो का 15 प्रतिशत हैए जो एक साल पहले 8 प्रतिशत से अधिक था। माइक्रो फाइनेंस पोर्टफोलियो ने इस अवधि के दौरान 85 प्रतिशत की वृद्धि प्रदान की। वर्ष दर वर्ष के आधार पर नेट एनपीए 1ण्4 प्रतिशत से 0ण्35 प्रतिशत और सकल एनपीए के 1ण्9 प्रतिशत से 1ण्4 प्रतिशत तक घटने के साथ ही परिसंपत्ति गुणवत्ता के सूचकों में भी सुधार हुआ है। (3-1)

Alpviram, Dec 08, 2018

# ફિનકેર એસએફબીનો નફો રૂા. ૪૨.3 કરોડ થયો

ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બૅન્કે નાણાકીય વર્ષ ૨૦૧૮-'૧૯નાં પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં કરવેરાની ચુકવણી પછીનો નફો (PAT) રૂા. ૪૨.૩ કરોડ નોંધાવ્યો છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ બૅન્કની લોનનો કુલ પોર્ટફોલિયો વર્ષ દરમિયાન ૩૩ ટકા વધીને રૂા. ૨૮૯૯ કરોડનો થયો છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ બૅન્કની કુલ ડિપૉઝિટ રૂા. ૧૪૫૫ કરોડ હતી. જે વાર્ષિક ધોરણે ૩૮૩ ટકાની વૃદ્ધિ છે. જેમાં કુલ ડિપૉઝિટમાં રિટેલ ડિપૉઝિટનો હિસ્સો ૩૪ ટકા છે.

બૅન્કે પ્રૉપર્ટી સામે લોન, ગોલ્ડ સામે લોન અને સંસ્થાગત ફાઈનાન્સ જેવી સિક્યોર્ડ લોન્સ સહિત એસેટના નવા સેગમેન્ટમાં સફળતાપૂર્વક વિવિધતા લાવીને વાર્ષિક ધોરણે ૨૫૨ ટકાની વૃદ્ધિ કરી છે. અત્યારે લોનના કુલ પોર્ટફોલિયોમાં સિક્યોર્ડ લોનનો હિસ્સો ૧૫ ટકા છે. જે વર્ષ અગાઉ ૮ ટકા કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. આ જ ગાળામાં માઈક્રોલોનનાં પોર્ટફોલિયોમાં ૮૫ ટકાની વૃદ્ધિ થઈ હતી. એસેટની ગુણવત્તા સુધારાનો સંકેત આપે છે. જેમાં ચોખ્ખી એનપીએ ઘટીને૦.૩૫ ટકા થઈ છે. જે અગાઉ ૧.૪ ટકા હતી અને કુલ એનપીએ ૧.૪ ટકા થઈ છે. જે વાર્ષિક ધોરણે ૧.૯ ટકા હતી. બૅન્ક દસ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ૧૨.૫ લાખ ગ્રાહકોને ૫૦૦ બૅન્કિંગ આઉટલેટના નેટવર્ક મારફત સેવા આપે છે.

Janmabhoomi, Dec 08, 2018

# ફિનકેર એસએફબીની એયુએમમાં ૯૯ ટકાની વૃદ્ધિ થઈ

અમદાવાદ : સુધરેલા ફંડામેન્ટલ્સ સાથે સતત વૃદ્ધિ માટે સજ્જ ફિનકેર સ્મોલ ફાઇનાન્સ બેંકે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નાં પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં કરવેરાની ચુકવણી પછીનો નફો (PAT) રૂ. ૪૨.૩ કરોડ નોંધાવ્યો છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ બેંકની લોનનો કુલ પોર્ટફોલિયો વર્ષ દરમિયાન ૯૯ ટકા વધીને રૂ. ૨,૮૯૯ કરોડનો થયો છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ બેંકની કુલ ડિપોઝિટ રૂ. ૧,૪૫૫ કરોડ હતી, જે વાર્ષિક ધોરણે ૩૮૩ ટકાની વૃદ્ધિ છે, જેમાં કુલ ડિપોઝિટમાં રિટેલ ડિપોઝિટનો હિસ્સો ૩૪ ટકા છે.

બેંકે પ્રોપર્ટી સામે લોન, ગોલ્ડ સામે લોન અને સંસ્થાગત ફાઈનાન્સ જેવી સીક્યોર્ડ લોન્સ સહિત એસેટનાં નવા સેગમેન્ટમાં સફળતાપૂર્વક વિવિધતા લાવીને વાર્ષિક ધોરણે ૨૫૨ ટકાની વૃદ્ધિ કરી છે. અત્યારે લોનનાં કુલ પોર્ટફોલિયોમાં સીક્યોર્ડ લોનનો હિસ્સો ૧૫ ટકા છે, જે વર્ષ અગાઉ ૮ ટકા કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. આ જ ગાળામાં માઇક્રોલોનનાં પોર્ટફોલિયોમાં ૮૫ ટકાની વૃદ્ધિ થઈ હતી. એસેટની ગુણવત્તા સુધારાનો સંકેત આપે છે, જેમાં ચોખ્ખી દ્ધછ ઘટીને ૦.૩૫ ટકા થઈ છે, જે અગાઉ ૧.૪ ટકા હતી અને કુલ દ્ધછ ૧.૪ ટકા થઈ છે, જે વાર્ષિક ધોરણે ૧.૯ ટકા હતી. (૩-૧)

Lokmitra  Dec 08, 2018